# ગુજરાત જાહેર સેવા આયોગ

સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦ Web Site : https://gpsc.gujarat.gov.in

## ❖અગત્યની જાહેરાત❖

## હિસાબી અધિકારી વર્ગ-૧ (જા.ક્ર. ૨૫/૨૦૨૦-૨૧) ની મુખ્ય લેખિત પરીક્ષાના ઉમેદવારો માટે

હિસાબી અધિકારી વર્ગ-૧ ની જગ્યાઓ પર ભરતી કરવા માટે આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક:- ૨૫/૨૦૨૦-૨૧ માટે તા. ૨૫/૦૭/૨૦૨૧ ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીનું પરિણામ તા. ૦૩/૦૯/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ કસોટીમાં સફળ થયેલ તમામ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા (લેખિત) માટે "Online" અરજી કરવાની રહેશે. **ઉમેદવારોએ મુખ્ય લેખિત પરીક્ષા માટે તા. ૦૬/૦૯/૨૦૨૧ ના રોજ ૧૩.૦૦ કલાક થી તા. ૧૬/૦૯/૨૦૨૧ ના રોજ ૧૩.૦૦ કલાક સુધી "Online" અરજીપત્રક ભરી તેમજ જરૂરી દસ્તાવેજો (તા. ૧૬/૦૯/૨૦૨૧ ના રોજ ૨૩:૫૯ કલાક સુધીમાં) અપલોડ કરવાના રહેશે.** ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકો તથા પ્રમાણપત્રો ઉક્ત જગ્યાઓના ભરતી નિયમો, ભરતી (પરીક્ષા) નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબના લાયકી ધોરણની ચકાસણી કર્યા સિવાય ઉમેદવારોને તદ્દન કામચલાઉ ધોરણે મુખ્ય પરીક્ષા (લેખિત)માં પ્રવેશ આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા (લેખિત) માં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

નોંધ: ઉમેદવારે સૌ પ્રથમ મુખ્ય પરીક્ષાનું ફોર્મ ભરવાનું રહેશે અને ત્યારબાદ જ પ્રમાણપત્રો અપલોડ કરવાના રહેશે. (ઉમેદવાર મુખ્ય પરીક્ષાનું ફોર્મ ભર્યા વગર પ્રમાણપત્રો અપલોડ કરવા પ્રયત્ન કરશે તો "Application not found" નો મેસેજ આવશે.)

**: મુખ્ય લેખિત પરીક્ષાના ઉમેદવારોએ નીચે દર્શાવેલ અગત્યની સૂચનાઓ ધ્યાને લેવી :**

૧. મુખ્ય લેખિત પરીક્ષા નીચે દર્શાવેલ કાર્યક્રમ મુજબ સંભવત: ગાંધીનગર ખાતે યોજાશે. મુખ્ય લેખિત પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

| તારીખ | સમય | પ્રશ્નપત્ર | વિષય |
|---|---|---|---|
| ૨૫/૦૯/૨૦૨૧ | સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦ | પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી |
| ૨૫/૦૯/૨૦૨૧ | બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦ | પ્રશ્નપત્ર-૨ | અંગ્રેજી |
| ૨૬/૦૯/૨૦૨૧ | સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦ | પ્રશ્નપત્ર-૩ | સામાન્ય અભ્યાસ-૧ |
| ૨૬/૦૯/૨૦૨૧ | બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦ | પ્રશ્નપત્ર-૪ | અકાઉન્ટન્સી એન્ડ ઓડીટીંગ-I |
| ૦૩/૧૦/૨૦૨૧ | સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦ | પ્રશ્નપત્ર-૫ | અકાઉન્ટન્સી એન્ડ ઓડીટીંગ-II |

૨. **મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક online તથા ડોક્યુમેન્ટ અપલોડ કરવાની રીત : ૧.** મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક ભરવા માટે **https://gpsc-ojas.gujarat.gov.in** વેબસાઈટ પર જવાનું રહેશે. **૨.** વેબસાઈટ પર call letter/form સેક્શનમાં જઈ main exam call letter/ form પર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ select job માં તમારી જાહેરાત પસંદ કરી કન્ફર્મેશન નંબર અને date of birth insert કરવાના રહેશે અને ok બટન પર ક્લીક કરવાનું રહેશે. **૩.** આમ કરવાથી પ્રાથમિક પરીક્ષાના અરજી પત્રકમાં ભરેલ નીચેની માહિતી જોવા મળશે જેમાં ઉમેદવાર સુધારો કરી શકશે. (૧) સરનામું (૨) શૈક્ષણિક લાયકાત (૩) મોબાઈલ નંબર **૪.** ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ કરીને ઉમેદવારે save અને lock બટન પર ક્લીક કરવાનું રહેશે અને અરજી submit કરવાની રહેશે. **૫.** ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ કર્યેથી ઉમેદવારની માહિતી save થઈ જશે. પાછળથી તેમાં સુધારો થઇ શકશે નહી. ૬. Save અને lock કર્યેથી ઉમેદવારના મોબાઈલ નંબર પર https://gpsc-iass.gujarat.gov.in પર ડોક્યુમેન્ટ અપલોડ કરવાનો મેસેજ આવશે. **૭.** ઉમેદવાર જો અનામત કક્ષાનો હશે તો print main exam form તથા upload documents online tab દેખાશે. Upload documents online પર ક્લીક કરીને પોતાના ડોક્યુમેન્ટ અચૂક અપલોડ કરવાના રહેશે. જો ઉમેદવાર બિન અનામત કક્ષાનો હશે તો (1) print post office challan (2) online payment of fees (3) check your payment status (4) online payment receipt (5) print main exam form (6) upload documents online tab દેખાશે તેના પર ક્લીક કરીને ઉમેદવારે પોતાના ડોક્યુમેન્ટ અચૂક અપલોડ કરવાના રહેશે. **૮.** બિન અનામત કક્ષાના ઉમેદવારે રૂ. ૨૦૦/- ફી ભરવાની રહેશે તેઓ ઓનલાઇન ફીની ચૂકવણી કરી શકશે. જો ઉમેદવારે ઓનલાઇન ફીની ચૂકવણી કરી હોય અને ફીના નાણા બેંકમાંથી કપાયેલ હોય અને તેની પહોંચ ન મળી હોય તો ઉમેદવારે Help/Query માં check your payment status પર ક્લીક કરીને જાણી શકશે. **૯.** પોસ્ટઓફિસમાં ફી ભરવા માટે print post office challan પર ક્લીક કરીને પ્રિંટઆઉટ મેળવી નજીકની કોમ્પ્યૂટરની સુવિધા ધરાવતી પોસ્ટઓફિસમાં રૂ. ૨૦૦/- ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જીસ ભરવાના રહેશે અને તે અંગેનું ચલણ મેળવવાનું રહેશે. ઉમેદવારે પોતાની બિન અનામત કક્ષાની પરીક્ષા ફી અચૂક ભરવાની રહેશે. **૧૦.** ડોક્યુમેન્ટ અપલોડ કરવાની વિગતવાર સૂચનાઓ https://gpsc-iass.gujarat.gov.in પોર્ટલના home page પર મુદ્દા નંબર ૬ પર click here to view guidelines for uploading application scrutiny documents શિર્ષક હેઠળ દર્શાવેલ છે. જે ઉમેદવારોએ ડોક્યુમેન્ટ્સ અપલોડ કરતા પહેલા ખાસ જોઇ લેવાની રહેશે.

૩. ઉપરોક્ત પેરા-૨ ની સૂચનાઓ અનુસાર **તા. ૧૬/૦૯/૨૦૨૧, ૧૩.૦૦ કલાક સુધીમાં Online અરજીપત્રકો ભરનાર તેમજ ઉપરના ફકરા (૨)માં દર્શાવેલ અરજીપત્રક તેમજ દસ્તાવેજો https://gpsc-iass.gujarat.gov.in પર અપલોડ કરેલ હશે તેવા ઉમેદવારો જ મુખ્ય (લેખિત) પરીક્ષાનાં ડાઉનલોડ કરી શકશે અને તેવા ઉમેદવારો જ મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે.**

મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે અપલોડ કરવાનાં પ્રમાણપત્રોની યાદી :

(૧) ઉમેદવારે ઓનલાઇન ભરેલ mains application form ડાઉનલોડ કરી તેમાં ફોટોગ્રાફ, સહીની વિગતો ભરી સ્કેન કરી જરૂરી પ્રમાણપત્રો સાથે Online Upload કરવાનું રહેશે.

(૨) જન્મ તારીખના પુરાવા માટે SSCE નું પ્રમાણપત્ર (ધોરણ ૧૦ ની માર્કશીટ અથવા ક્રેડીટ સર્ટીફીકેટ બેમાંથી એક કે જેમાં જન્મ-તારીખ દર્શાવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે .જન્મતારીખનો દાખલો કે શાળા છોડયાનું પ્રમાણપત્ર ઉંમરના પુરાવા માટે માન્ય ગણાશે નહીં)

(૩) સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિનું પ્રમાણપત્ર અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (અનુ. જાતિ, અનુ.જનજાતિ, અને સા. અને શૈ. પ. વર્ગના ઉમેદવારો માટે)

(૪) સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવક્રમાંક સશપ-૧૧૦૯-૧૬૬૩-અ થી નિયત થયેલ પરિશિષ્ટ–૪ (ગુજરાતીમાં) મુજબનું અરજી પત્રક માં દર્શાવેલ તારીખનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર' (Non Creamy Layer Certificate). પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં. (જો NCLC તા. ૦૧.૦૪.૨૦૧૬ થી તા. ૩૧.૦૩.૨૦૧૭ અને તા. ૦૧.૦૪.૨૦૧૭ થી તા. ૩૧.૦૩.૨૦૧૮ દરમિયાન ઈસ્યુ કરવામાં આવેલ હશે તો NCLC સાથે જાહેરાતમાં દર્શાવેલ બાંહેધરી પત્રક પણ અચુક જોડવાનું રહેશે.)

(૫) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક :એ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ – ગ )માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર. (જો EWS Certificate તા. ૨૫.૦૧.૨૦૧૯ થી તા. ૧૨.૦૯.૨૦૧૯ દરમિયાન ઈસ્યુ કરવામાં આવેલ હશે તો EWS Certificate સાથે જાહેરાતમાં દર્શાવેલ બાંહેધરી પત્રક પણ અચુક જોડવાનું રહેશે.)

(૬) સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮-૧૧-૮૯ ના પરિપત્ર ક્રમાંક: એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨ થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ " ના વાંધા પ્રમાણપત્ર"

(૭) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(૮) અટક અથવા નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(૯) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(૧૦) સ્નાતકનાં ગુણપત્રક (છેલ્લું વર્ષ/ છેલ્લું ૨ સેમેસ્ટરના ગુણપત્રક. એક કરતા marksheets હોય તો તમામને સ્કેન કરી મર્જ કરી સિંગલ pdf બનાવવી અને તે pdf અપલોડ કરવી.)

(૧૧) Chartered Accountant (C.A) or Cost and Works Accountant (I.C.W.A.)/ Cost and Management Accountant (C.M.A.) OR Company Secretary (C.S.) degree,/M. Com/B. Com પૈકી ઉમેદવારે અરજીપત્રકમાં જે શૈક્ષણિક લાયકાત દર્શાવેલ હોય તેનું પદવી પ્રમાણપત્ર

(૧૨) ઉમેદવારે અરજીપત્રકમાં જે અનુભવ દર્શાવેલ હોય તેનાં પ્રમાણપત્ર/પ્રમાણપત્રો

(૧૩) વિદેશની યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ (other certificate module માં અપલોડ કરવું)

(૧૪) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સા. વ. વિ.ના તા: ૦૧.૧૨.૨૦૦૮ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(૧૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (other certificate module માં અપલોડ કરવું)

**નોંધ:- જો પ્રમાણપત્રો અપલોડ કરવાના સંબંધિત module માં એક કરતા વધારે પ્રમાણપત્રો અપલોડ કરવાનાં થતા હોય તો તમામને સ્કેન કરી merge કરી એક (સિંગલ) pdf બનાવવી અને તે module માં અપલોડ કરવી.**

**ખાસ સૂચના :- અરજી સાથે ઉપર દર્શાવેલ પ્રમાણપત્રો પૈકી લાગુ પડતા હોય તેવા જ પ્રમાણપત્રો / પુરાવા PDF,JPEG,JPG કે PNG ફોર્મેટમાં અપલોડ કરવાના રહેશે અને અચૂકપણે તેનો ક્રમ જાળવવાનો રહેશે. લાગૂ પડતા ન હોય તેવા પ્રમાણપત્રો / પુરાવા સામેલ કરવાના રહેશે નહીં. ઉમેદવારે અસલ (Original) પ્રમાણપત્રો જ સ્કેન કરી અપલોડ કરવાના રહેશે. જો કોઈ કારણસર અસલ ઉપલબ્ધ ન હોય તો અસલની જગ્યાએ ઝેરોક્ષ/નકલ હશે તો ઉમેદવારે સ્વયં પ્રમાણિત (Self-attested) કરીને અપલોડ કરવાના રહેશે. ઉમેદવાર દ્વારા મોકલવામાં Physical/offline અરજીપત્રક અને પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે નહીં.**

૪. ઉમેદવારોએ તા. ૧૮-૦૯-૨૦૨૧ ના રોજ (બપોરે ૧૩.૦૦ કલાક) થી તા. ૦૩/૧૦/૨૦૨૧ (સવારે ૧૦.૦૦ કલાક) સુધી મુખ્ય પરીક્ષા (લેખિત) માટે પ્રવેશપત્ર તથા ઉમેદવારની સૂચનાઓ (પરિશિષ્ટ) **https://gpsc-ojas.gujarat.gov.in** પરથી "Online" ડાઉનલોડ કરી શકશે.

| મુખ્ય પરીક્ષાનું ફોર્મ ભરવાની છેલ્લી તારીખ, સમય અને વેબસાઈટ | પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ, સમય અને વેબસાઈટ |
|---|---|
| તા. ૧૬/૦૯/૨૦૨૧ બપોરે ૧:૦૦ કલાક સુધી<br>**https://gpsc-ojas.gujarat.gov.in** | તા. ૧૬/૦૯/૨૦૨૧ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી<br>**https://gpsc-iass.gujarat.gov.in** |

નોંધ :જરૂરી પ્રમાણપત્રોના નમૂના આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in ના Download સેક્શનમાં https://gpsc.gujarat.gov.in/Download) જોવા વિનંતી.

તા. ૦૪/૦૯/૨૦૨૧